**આંક–૯**

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૧/૦૯/૨૦૧૨ |
| દાખલ તારીખ | ૧૧/૦૯/૨૦૧૨ |
| ફેંસલ તારીખ | ૨૦/૦૭/૨૦૧૮ |
| સમયગાળો | વર્ષ :૦૫ માસ:૧૦ દિન:૦૯ |

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ (ટી) નં. : ૬૫૬/૨૦૧૨**

**પ્રથમ પક્ષકાર :** **મેનેજરશ્રી / વહીવટકર્તાશ્રી જયશ્રી કૃષ્ણ એન્ટરપ્રાઈઝ,**
હે.૮, અંબીકા એસ્ટેટ, સુખરામનગર પોસ્ટ ઓફીસની બાજુમાં,
સુખરામનગર, અમદાવાદ.

**: વિરૂધ્ધ :**

**બીજા પક્ષકાર:** **શ્રી છેદીલાલ રામપ્રસાદ કોરી,**
હે.૧૨૨, મોહનભાઈ ઘેલાભાઈની ચાલી, ગુલાબનગર,
અમરાઈવાડી, અમદાવાદ.
C/o. નવજાગૃત લેબર યુનિયન,
હે.૧૮, મંજુર ખાનની ચાલી, રામનગર, ભીલવાડા,
અમરાઈવાડી, અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : કોઈ નહીં.
બીજા પક્ષકાર તરફે : યુનિ.પ્રતિ.શ્રી એ.આર.મિશ્રા.

**–:: એવોર્ડ ::–**

**૧.** હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''સામાવાળા'' અને ''અરજદાર'' તરીકે સંબોધવામાં આવેલા છે.

**૨.** સદર કામના અરજદાર શ્રી છેદીલાલ રામપ્રસાદ કોરી તથા સામાવાળા જયશ્રી કૃષ્ણ એન્ટરપ્રાઈઝ સંસ્થા વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ મદદનીશ મજુર કમિશ્નરશ્રીએ તા.૩૧–૮–૨૦૧૨ ના પત્રક્રમાંક: નાશ્રઆ/અવિ/ટે.નં.૨૧/આઈડીઆર. નં.૩૫૬/ ૨૦૧૨ થી સીધી મજુર અદાલત સમક્ષ કરવા જણાવેલ હોઈ અત્રે રેફરન્સ દાખલ કરેલ છે.

**૩.** અરજદાર તરફે આંક–૧ થી માંગણાનું નિવેદન રજુ કરેલ હતું તેમજ માંગણાના નિવેદનમાં દર્શાવેલ સામાવાળાના સરનામે નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ થયેલ હતો. તે હુકમ મુજબ સામાવાળાને નોટીસ ઈસ્યુ કરતાં બેલીફશ્રીએ સદરહુ સંસ્થાને નોટીસની બજવણી કરેલ છે. અરજદારના પ્રતિનિધિશ્રીની આંક–૪ ની અરજી નીચે મારા પુરોગામીશ્રીએ સામાવાળાનો

જવાબનો હકક બંધ કરેલ છે. ત્યારબાદ હાલનું કામ અરજદારના પુરાવા ઉપર પેન્ડીંગ રહેલ છે. તે દરમ્યાન અરજદારના પ્રતિનિધિશ્રીએ આંક–૫, ૬ અને ૭ થી મુદત અરજીઓ રજુ કરેલ છે, પરંતુ અરજદાર ત્યારબાદ હાજર રહેલ નથી. તે સંજોગોમાં અરજદારને હાલનો રેફરન્સ આગળ ચલાવવા માટે કોઈ રસ ધરાવતા નહીં હોવાનું જણાય આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. અરજદારનો રેફરન્સ(ટી) કેસ નં.૬૫૬/૨૦૧૨ તેમની ગેરહાજરી તેમજ પ્રથમ પક્ષકારના સરનામાના અભાવે રદ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તારીખ : ૨૦–૦૭–૨૦૧૮
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ નં.૩, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.